(૧૫)

**પ્ર.૧ (અ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? (૫)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. ખમાસમણો | **હે ક્ષમાશ્રમણ** | **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ** |
| ૨. દિટ્ઠિસંપન્નો | **સમ્યક્દ્ષ્ટિથી યુક્ત છું** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૩. આઈગરાણં | **ધર્મની આદિ કરનારા** | **સામાયિકના સાતમો પાઠ** |
| ૪. સંભિમં | **સળેખમ (કફ) થાય** | **સંથારાના પાઠમાં** |
| ૫. સદ્દાણુવાએ | **સાદ કરીને મર્યાદા બહારથી કોઇને બોલાવેલ હોય** | **દશમા વ્રતમાં** |

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં લખો. (૫)**

૧. બીજું શ્રમણસૂત્ર શેના વિશે છે?

**જ. બીજું શ્રમણસૂત્ર ગોચરીના દોષોથી નિવર્ત્તવાનું છે.**

૨. સંથારા સહિતનું પંડિત મરણ કોને આવે?

**જ. સંથારા સહિતનું પંડિત મરણ જ્ઞાન–દર્શન–ચારિત્ર અને તપની ઉત્તમ આરાધના કરનાર સાધુ કે શ્રાવકને આવે.**

૩. આપણો જૈન ધર્મ કોણે બતાવેલો છે?

**જ. આપણો જૈન ધર્મ રાગ–દ્વેષ રહિત, કેવળજ્ઞાની જિનેશ્વર ભગવંતોએ બતાવેલો છે.**

૪. ઈચ્છામિ ખમાસમણોનું બીજું નામ શું છે?

**જ. ઈચ્છામિ ખમાસમણોનું બીજું નામ ઉત્કૃષ્ટ વંદનાનો પાઠ અથવા દ્વાદશાવર્ત્ત ગુરુવંદનનો પાઠ છે.**

૫. પ્રણિપાત સૂત્ર એટલે શું?

**જ. પ્રણિપાત સૂત્ર એટલે વિશેષ નમસ્કાર.**

**(ઇ) નીચેના પાઠની પૂર્તિ કરો. (૫)**

૧. વત્થ **પડિગ્ગહ કંબલ પાયપુચ્છણેણં પાઢિયારુ પીઢ** ફલગ

૨. તીસાએ **મહામોહણીયટ્ઠાણેહિં એગતીસાએ સિદ્ધાઈગુણેહિં બત્તીસાએ જોગસંગહેહિં** તેત્તીસાએ

(૭૦)

**પ્ર.૨ (અ) દશવૈકાલિક તથા ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો. (૪૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો. (૨૦)**

૧. તત્થ **ઠિચ્ચા જહાઠાણં, જક્ખા આઉક્ખએ ચુયા ।**
**ઉવેંતિ માણુસં જોણિં, સે દસંગે**ડ ભિજાયઇ ॥

**અર્થ : તે દેવ, ત્યાં દેવલોકમાં પોતપોતાના સ્થાને રહીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવીને મનુષ્ય યોનિને પ્રાપ્ત કરે છે. ત્યાં તેને દશ અંગોની પ્રાપ્તિ થાય છે.**

૨. જયા સંવર **મુક્કિટ્ઠં, ધમ્મં ફાસે અણુત્તરં ।**
**તયા ધુણઈ કમ્મરયં, અબોહિકલુસં ક**ડં ॥

**અર્થ : જ્યારે આત્માઅ ઉત્કૃષ્ટ અને સર્વ શ્રેષ્ઠ સંવર ધર્મને પ્રાપ્ત કરે છે ત્યારે મિથ્યાત્વ આદિ પાપો દ્વારા ઉપાર્જિત કર્મરૂપી રજનો નાશ કરે છે.**

૩. તવોગુ**ણપહાણસ્સ, ઉજ્જુમઈ ખંતિસંજમરયસ્સ ।**
**પરીસહે જિણંતસ્સ, સુલહા સુગઈ** તારિસગસ્સ ॥

**અર્થ : તપરૂ પી ગુણોમાં પ્રધાન, સરળ મતિવાળા, ક્ષમા અને સંયમમાં અનુરક્ત તથા બાવીસ પરિષહને સમભાવપૂર્વક સહન કરી જીતવાવાળા સાધુને માટે સુગતિ સુલભ છે.**

૪. ભોચ્ચા માણુસ્સએ ભોએ, અપ્પડિરૂવે અહાઉયં ।
પુવ્વિં વિસુદ્ધ સદ્ધમે, કેવલં બોહિ બુજ્જિયા ।।

**અર્થ : આયુષ્ય અનુસાર મનુષ્યભવ સંબંધી અનુપમ ભોગોને ભોગવી, પૂર્વભવમાં નિયાણા રહિત વિશુદ્ધ ધર્મની આરાધના કરેલ છે, એવો તે જીવ નિર્મલ બોધિને પ્રાપ્ત કરે છે.**

૫. પઢમં નાણં તઓ દયા, એવં ચિટ્ઠઈ સવ્વસંજએ ।
અન્નાણી કિં કાહી, કિં વા નાહી સેયપાવગં ।।

**અર્થ : પ્રથમ જ્ઞાન અને પછી દયા, આ પ્રમાણે સર્વ સાધુ આચરણ કરે છે. સમ્યક્ જ્ઞાનથી રહિત, અજ્ઞાની પુરુષ શું કરી શકે છે? અને કેવી રીતે જાણશે કે મારે માટે શું શ્રેયકારી છે અને શું પાપકારી છે?**

**(૨) નીચેની ગાથાઓના ભાવાર્થ લખો. (૧૦)**

૧. અજયં સયમાણો ય પાણભૂયાઈ હિંસઈ, બંધઈ પાવયં કમ્મં તં સે હોઈ કડુયં ફલં।

**જ. અર્થ : જે વ્યક્તિ પૂંજ્યા વિના સૂએ તથા પૂંજ્યા વિના પડખું ફેરવે તે સર્વ ત્રસ, સ્થાવર પ્રાણીની હિંસા કરવાવાળા થાય છે. તેથી તેમને પાપકર્મનો બંધ થાય છે, તેના પરિણામે કડવા, દુઃખદાયી ફળ ભોગવવા પડે છે.**

૨. જયા જોગે નિરુંભિત્તા સેલેસિં પડિવજ્જઈ, તયા કમ્મં ખવિત્તાણં સિદ્ધિં ગચ્છઈ નીરઓ।

**જ. અર્થ : જ્યારે આત્મા રોગોનું નિરૂંધન કરીને અકંપ, શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે ત્યારે સર્વ કર્મનો ક્ષય કરી કર્મ રજથી મુક્ત થઈ સિદ્ધ ગતિમાં જાય છે.**

૩. મિત્તવં નાઈવં હોઈ ઉચ્ચાગોએ ય વણ્ણવં, અપ્પાયંકે મહાપન્ને અભિજાએ જસો બલે।

**જ. અર્થ : શેષ અંગો બતાવે છે. તે પુણ્યવંત જીવ માનવભવમાં ૨) મિત્ર યુક્ત ૩) જ્ઞાતિવંત ૪) ઊચ્ચ ગોત્રી ૫) સુંદર વર્ણ યુક્ત શરીરી ૬) નિરોગી ૭) મહાપ્રજ્ઞાવંત–બુદ્ધિશાળી ૮) વિનયવંત ૯) યશસ્વી અને ૧૦) બળવાન થાય છે.**

૪. સુઈ ચ લદ્ધું સદ્ધં ચ વીરિયં પુણ દુલ્લહં, બહવે રોયમાણા વિ નો ય ણં પડિવજ્જઈ।

**જ. અર્થ : મનુષ્ય જન્મ, ધર્મશ્રવણ પ્રાપ્તિ અને ધર્મની શ્રદ્ધા થયા પછી પણ સંયમમાં પરાક્રમ ફોરવવું ઘણું દુર્લભ છે કારણ કે ઘણા જીવો ધર્મરુચિ થવા છતાં તે પ્રમાણે આચરણ કરી શક્તા નથી.**

૫. એગયા ખત્તિયો હોઈ તઓ ચાંડાલ બુક્કસો, તઓ કીડ પયંગો ય તઓ કુંથૂ પિવીલિયા।

**જ. અર્થ : ક્યારેક મનુષ્ય જન્મ યોગ્ય કર્મનો ઉદય થવાથી આ જીવ ક્ષત્રિય થાય છે, તો ક્યારેક ચાંડાલ અથવા તો વર્ણશંકરવાળો થાય છે, તો ક્યારેક કીડા, પતંગિયા, કંથવા કે કીડીરૂપે ઉત્પન્ન થઈ જાય છે.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. ધર્મનું શ્રવણ કરીને જીવ શું અંગીકાર કરે છે? | **તપ, ક્ષમા અને અહિંસારૂપ દયા ધર્મને અંગીકાર કરે છે.** |
| ૨. કર્મરજનો નાશ કેવી રીતે કરે છે? | **સંવર અને તપસ્યા દ્વારા કર્મરજનો નાશ કરે છે.** |
| ૩. મન, વચન, કાયાનું રૂંધન કરી શું પ્રાપ્ત કરે છે? | **અકંપ, શૈલેશી અવસ્થાને પ્રાપ્ત કરે છે.** |
| ૪. કયા સંયોગોનો ત્યાગ કરવાનો છે? | **બાહ્ય તથા આભ્યંતર સંયોગોનો ત્યાગ કરવાનો છે.** |

**(૩) નીચેના શબ્દોના અર્થ લખો. (૩)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. સંચિણું | **સંચય કરે** | ૨. પુવ્વા વાસ | **પૂર્વ વર્ષો** | ૩. ઉભયં | **બંનેને** |
| ૪. સંજોગં | **સંયોગોને** | ૫. પયાયા | **દીક્ષા લે** | ૬. વિ | **છતાં** |

**(૪) નીચેના શબ્દોનું માગધી લખો. (૩)**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. ચ્યવીને | **ચુયા** | ૨. નાશ કરી | **ધુય** | ૩. ભોજન કરે | **ભુંજંતો** |

**(બ) ૯૮ બોલ અલ્પબહુત્વના આધારે જવાબ લખો. (30)**

**(૧) માત્ર અલ્પબહુત્વ લખો. (૧૨)**

૧. સકષાયી જીવ, સિદ્ધ, સૂક્ષ્મ જીવ પર્યાપ્ત, બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા, સર્વ જીવ, ભવ્ય જીવ.

**જ. સર્વથી થોડા બાદર પૃથ્વીકાય અપર્યાપ્તા, તેથી સિદ્ધ અનંતગુણા, તેથી સૂક્ષ્મ જીવ પર્યાપ્તા અનંતગુણા, તેથી ભવ્ય જીવ વિશેષાધિક, તેથી સકષાયી જીવ વિશેષાધિક, તેથી સર્વ જીવ વિશેષાધિક.**

૨. આરણ દેવલોકના દેવ, વિજયના દેવ, બીજા દેવલોકની દેવી, ભદ્દેના દેવ, મંગળના દેવ, અસુરકુમારના દેવ.

**જ. સર્વથી થોડા વિજયના દેવ, તેથી ભદ્દેના દેવ સંખ્યાતગુણા, તેથી આરણ દેવલોકના દેવ સંખ્યાતગુણા, તેથી બીજા દેવલોકની દેવી અસંખ્યાતગુણી, તેથી અસુરકુમારના દેવ અસંખ્યાતગુણા, તેથી મંગળના દેવ અસંખ્યાતગુણા.**

૩. તેઈન્દ્રિયના અપર્યાપ્ત, સૂક્ષ્મ નિગોદના પર્યાપ્ત, સમુચ્ચય બાદર જીવ, સમ્યક્દૃષ્ટિ પ્રતિપાતી, સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્તા, ખેચરની સ્ત્રી.

**જ. સર્વથી થોડી ખેચરની સ્ત્રી, તેથી તેઈન્દ્રિયના અપર્યાપ્તા અસંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મ તેઉકાય અપર્યાપ્ત અસંખ્યાતગુણા, તેથી સૂક્ષ્મ નિગોદના પર્યાપ્તા અસંખ્યાતગુણા, તેથી સમ્યક્દૃષ્ટિ પ્રતિપાતી અનંતગુણા, તેથી સમુચ્ચય બાદર જીવ અનંતગુણા.**

૪. અભવ્ય જીવ, તિર્યંચયોનિના જીવ, પંચેન્દ્રિય અપર્યાપ્તા, ચાલતી કીડી, સંમૂર્ચ્છિમ મનુષ્ય, પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય પર્યાપ્તા.

**જ. સર્વથી થોડા સંમૂર્ચ્છિમ મનુષ્ય, તેથી ચાલતી કીડી અસંખ્યાતગુણી, તેથી પંચેન્દ્રિય અપર્યાપ્ત અસંખ્યાત ગુણા, તેથી પ્રત્યેક શરીરી બાદર વનસ્પતિકાય પર્યાપ્તા અસંખ્યાતગુણા, તેથી અભવ્ય જીવ અનંતગુણા, તેથી તિર્યંચયોનિના જીવ અનંતગુણા.**

**(૩) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. ભવી જીવો ક્યાં મળે છે?

**જ. ભવી જીવો મોટા પ્રમાણમાં સૂક્ષ્મ અને બાદર જીવોની રાશિમાં જ મળે છે.**

૨. ખેચર પુરુષ તિર્યંચ યોનિના જીવો કેટલા છે?

**જ. પ્રતરના અસંખ્યાતમાં ભાગમાં રહેલી અસંખ્યાત શ્રેણીના આકાશપ્રદેશ જેટલા છે.**

૩. જ્યોતિષી દેવો કેટલા છે? તેના વિમાન કેવા છે?

**જ. જ્યોતિષી દેવો અસંખ્યાતા છે. તેના વિમાન સંખ્યાત યોજનના વિસ્તારવાળા છે.**

૪. ગર્ભજ મનુષ્યનું ક્ષેત્ર કેટલું છે?

**જ. ગર્ભજ મનુષ્યનું ક્ષેત્ર અઢીદ્વીપ ૪૫ લાખ યોજન છે.**

૫. જીવના ૩ અને ૧૨ ભેદ લાભે તેવા બોલ લખો.

**જ. જીવના ૩ ભેદ ભવનપતિના દેવ, વાણવ્યંતરના દેવ, પહેલી નરક અને ૧૨ ભેદ સમુચ્ચય બાદર જીવ છે.**

૬. ક્ષાયિક સમકિતી હાથીમાં કેટલા અને કયા કયા ગુણસ્થાન હોય?

**જ. ક્ષાયિક સમકિતી હાથીમાં એક ચોથું ગુણસ્થાન હોય.**

૭. ૧ ઉપયોગ ક્યાં લાભે?

**જ. ૧ ઉપયોગ ક્યાંય ન લાભે.**

૮. ઘનીકૃત લોકની શ્રેણી કેટલી છે?

**જ. ઘનીકૃત લોકની અસંખ્ય આકાશ શ્રેણી છે.**

**(૩) નીચેના બોલનો બાસઠિયો માત્ર સંખ્યામાં લખો. (કોઠો બનાવીને) (૧૦)**

**જ.**

| બોલનું નામ | જીવના ભેદ | ગુણસ્થાન | યોગ | ઉપયોગ | લેશ્યા |
|---|---|---|---|---|---|
| ૧. માહેન્દ્ર | ૨ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૨. મહાવિદેહની મનુષ્યાણી | ૨ | ૧૪ | ૧૩ | ૧૨ | ૬ |
| ૩. ઊડતી માખી | ૧ | ૧ | ૨ | ૨ | ૩ |
| ૪. ખેચર નપુંસક | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫. રત્નપ્રભાના નારકી | ૩ | ૪ | ૧૧ | ૯ | ૧ |
| ૬. જળચર પુરુષ | ૨ | ૫ | ૧૩ | ૯ | ૬ |
| ૭. સંસારસ્થ જીવ | ૧૪ | ૧૪ | ૧૫ | ૧૨ | ૬ |
| ૮. બાદર વાઉકાય પર્યાપ્તા | ૧ | ૧ | ૪ | ૩ | ૩ |
| ૯. સમુચ્ચય સૂક્ષ્મ જીવ | ૨ | ૧ | ૩ | ૩ | ૩ |
| ૧૦. હેમવયના મનુષ્ય | ૨ | ૨ | ૧૧ | ૬ | ૪ |

(૧૫)

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. હરિકેશી મુનિના શરીરમાં પ્રવેશેલા યક્ષે યજ્ઞમાં રહેલા બ્રાહ્મણોને પહેલીવાર શું કહ્યું ? (૩)

**જ. હું શ્રમણ, તપસ્વી, સંયમી અને બ્રહ્મચારી છું. ધનસંપત્તિ અને પરિગ્રહનો ત્યાગી છું. હું ભિક્ષાના સમયે લોકોએ પોતાના બનાવેલા ભોજનમાંથી ભિક્ષા માટે વિચરણ કરતો કરતો અહીં આવ્યો છું. અહીં તમારું ઘણું બધું ભોજન અપાઈ રહ્યું છે, મિષ્ટાન્ન ખવાઈ રહી છે, આથી મને પણ ભિક્ષુક સમજીને વધેલા ભોજનમાંથી થોડું આ તપસ્વીને આપો અને કાંઈક લાભ મેળવી લો.**

૨. સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કોણ કરે છે? (૨×૬)

**જ. જેઓ પાંચ સંવર દ્વારા કર્મ આસ્રવને રોકનાર, સંયમી જીવનમાં અસંયમની ઈચ્છા ન કરનાર, કાયાનું મમત્વ ન રાખનાર, શરીર સંસ્કારનો ત્યાગ કરનાર, પવિત્ર હૃદયી હોય તેઓ વાસના પર વિજય મેળવનાર અથવા મોક્ષ પ્રાપ્ત કરાવનાર સંયમરૂપ શ્રેષ્ઠ યજ્ઞ કરે છે.**

૩. હરિકેશી પૂર્વભવમાં કોણ હતા? તેણે મુનિને કેવો રસ્તો બતાવ્યો? શા માટે?

**જ. હરિકેશી પૂર્વભવમાં સોમદત્ત બ્રાહ્મણ હતા. તેણે મુનિને લોઢા જેવા અત્યંત ગરમ રસ્તે ચાલી જવાનો માર્ગ બતાવ્યો કારણ કે સોમદત્તને મુનિઓ પ્રત્યે દ્વેષ હતો.**

૪. ભદ્રાના લગ્ન કોની સાથે થયા? શા માટે? ભદ્રાના પિતાનું નામ શું છે?

**જ. ભદ્રાના લગ્ન રૂદ્રદેવ નામના બ્રાહ્મણના અધિપતિ સાથે થયા કારણ કે મુનિએ ભદ્રા સાથે લગ્ન કરવાની ના પાડી, તેથી બ્રાહ્મણને મુનિનું બીજું રૂપ માનીને તેની સાથે લગ્ન કરાવ્યા. ભદ્રાના પિતાનું નામ કૌશાલિક હતું.**

૫. ઉત્તમ ક્ષેત્રો કયા છે? વિદ્યાર્થીઓ હરિકેશીબલ મુનિને શેનાથી મારવા લાગ્યા?

**જ. જે મુનિ સમભાવપૂર્વક ઊંચ, નીચ, મધ્યમ ઘરોમાં ભિક્ષા માટે જાય છે તે જ વાસ્તવમાં ઉત્તમ ક્ષેત્ર છે. તે જ દાનને યોગ્ય પાત્ર છે. વિદ્યાર્થીઓ હરિકેશીબલ મુનિને દંડ, લાકડી તથા ચાબુકથી મારવા લાગ્યા.**

૬. ભદ્રાના વચનો સાંભળીને મુનિના શરીરમાં રહેલા યક્ષે શું કર્યું?

**જ. ભદ્રાના વચનો સાંભળીને મુનિના શરીરમાં રહેલો યક્ષ તે બ્રાહ્મણ કુમારોને રોકવા લાગ્યો, તો પણ તે કુમારો ન માન્યા. તેથી આકાશમાં ભયંકર રૂપ કરીને, અસુરભાવવાળો થઈ, ક્રોધિત બની કુમારોને મારવા લાગ્યો.**

૭. દેવલોકમાંથી ચ્યવીને સોમદત્ત ક્યાં ઉત્પન્ન થયા? તેનું નામ શું હતું? તેઓ કેવા દેખાતા હતા?

**જ. દેવલોકમાંથી ચ્યવીને સોમદત્ત મૃતગંગાના કિનારે ચાંડાળના અધિપતિ બલકોટ્ટની ચાંડાળ પત્ની ગૌરીના ગર્ભમાં ઉત્પન્ન થયો. તેનું નામ બલ હતું. તેણે પૂર્વભવમાં કરેલા રૂપમદને કારણે કૂબડો, કુરૂપ અને બેડોળ દેખાતો હતો.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

**૧. ભિન્નેભ કુમ્ભગલદુજ્જવલ શોણિતક્ત, મુક્તાફલ પ્રકરભૂષિત ભૂમિભાગઃ ।**
**બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલ સંશ્રિતં તે ॥**

**અર્થ : હરણના અધિપતિ એવા સિંહ હાથીઓના ગંડસ્થલ ભેદીને તેમાંથી પડતા લોહીથી ખરડાયેલા શ્વેત મોતીઓના સમૂહથી પૃથ્વીના કેટલાક ભાગને વિભૂષિત કર્યો છે તેવો છલાંગ મારવાને તૈયાર સિંહ**

**પણ હે ભગવાન! તમારા ચરણકમલરૂપી પર્વતનો આશ્રય લેનાર મનુષ્ય પર આક્રમણ કરતો નથી.**

૨. કુન્તાગ્રભિન્નગજ શોણિતવારિવાહ, વેગાવતાર તરણાતુર યોદ્ધ ભીમે ।
**યુદ્ધે જયં વિજિત દુર્જયજેયપક્ષા, સ્તવત્પાદ પંકજ વનાશ્રયિણો** લભન્તે ।।
**અર્થ : હે ભગવાન! જેઓ તમારા ચરણરૂપી કમળ સમૂહનો આશ્રય લે છે તેઓ ભાલાના અગ્રભાગથી વિંધાયેલા હાથીઓના લોહીરૂપ જલ પ્રવાહમાં તરવા આતુર એવા સુભટોથી ભયંકર બનેલા યુદ્ધમાં પણ શત્રુપક્ષને જીતીને વિજય પ્રાપ્ત કરે છે.**

૩. ઉદ્‌ભૂત **ભીષણ જલોદર ભાગભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુત જીવિતાશાઃ** ।
**ત્વત્પાદ પઙ્કજ રજોમૃત દિગ્ધ દેહા, મર્ત્યા ભવન્તિ મકરધ્વજ તુલ્યરૂ**પાઃ ।।
**અર્થ : જેઓ જલોદર રોગ ઉત્પન્ન થવાથી પેટના ભાર વડે વાંકા વળી ગયેલા છે, જે શોચનીય દશાને પ્રાપ્ત થયેલા છે તથા જેમણે જીવનની આશા છોડી દીધેલી છે એવા મનુષ્ય તમારા ચરણકમળની રજરૂપ અમૃતથી પોતાના શરીરને લેપ કરે તો કામદેવ સમાન રૂપવાળા થાય છે.**

**(આ) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૩)**

૧. શોચનીય દશાને કોણ પ્રાપ્ત થયેલા છે?
**જ. જલોદર રોગ ઉત્પન્ન થવાથી પેટના ભાર વડે વાંકા વળી ગયા છે.**
૨. કોણ કોની જેવા શ્યામ વર્ણવાળું છે?
**જ. સર્પ મદોન્મત્ત કોયલના કંઠ જેવો શ્યામ વર્ણવાળો છે.**
૩. કોણ ભયંકર અવાજ કરી રહ્યું છે?
**જ. ઊછળી રહેલા ઘોડા અને હાથીઓની ગર્જના.**

**જય – જિનેન્દ્ર**